# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારાં આમળાનું મહત્વ અને તેમાં મૂલ્યવર્ધન વિષય ઉપર તાલીમ વર્ગ યોજાયો

---

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા દ્વારા **ડો. કે. બી. કથીરીયા, કુલપતિશ્રી, આ.કૃ.યુ. આણંદ**નાં માર્ગદશન હેઠળ આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર યોજના અંતર્ગત **આમળાનું મહત્વ અને તેમાં મૂલ્યવર્ધન** વિષય ઉપર **તા. ૧૭/૦૧/૨૦૨૫** ના રોજ અત્રેના કેન્દ્ર ખાતે એક દિવસીય ખેડૂત મહિલાઓની તાલીમ યોજાઈ. જેમાં કેન્દ્રના વડા **ડૉ. વાય. બી. ચૌહાણ તથા ડૉ. એચ. એન ચૌધરી** ઉપસ્થિત રહ્યા હતા. આ એક દિવસીય તાલીમની શરુઆતમાં કેન્દ્ર નાં વડા **ડૉ. વાય. બી. ચૌહાણ** દ્વારા પ્રાસંગિક ઉદબોધન થકી કેન્દ્રની સંશોધન તેમજ વિસ્તરણની વિવિધ પ્રવૃતિઓ વિષે માહિતગાર કરવામાં આવ્યાં તેમજ આમળાની વિવિધ પોષણક્ષમ બનાવટો વિષે વિસ્તૃતમાં ચર્ચા કરી. કાર્યક્રમની રૂપરેખા મુજબ **શ્રીમતી ભાવિકા રબારી** દ્વારા આમળાનું મહત્વ અને તેનું મૂલ્યવર્ધન પ્રાયોગિક રૂપે બનાવી વિસ્તૃતમાં સમજણ આપી હતી તથા સમગ્ર પ્રોગ્રામનું સંકલન **શ્રીમતી ભાવિકા રબારી** દ્વારા કરવામાં આવેલ જે થકી ગામ: લીમડીયા,ટોકરવા,ડભવા અને નાન સલાય તા.ધાનપુરની કુલ ૩૧ મહિલાઓ ઉત્સાહભેર ભાગ લીધો હતો.












આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર
વનબંધુ કલ્યાણ યોજના, ગુજરાત સરકાર
આણંદ કૃષિ યુનિવર્સિટી
દેવગઢ બારીયા